# યલો ફીવર રસીકરણ વિભાગ

## AHMEDABAD MUNICIPAL CORPORATION

**Sardar Patel Bhavan, Dana Pith, Ahmedabad- 380001.**

Pro Active Discloser under the Right to Information Act - 2005

**૧) વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજો :-**

યલો ફીવર રસીકરણનાં મુખ્ય અધિકારી "સુપ્રિટેન્ડેન્ટ ઓફ વેક્સીનેશન એન્ડ રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ્સ" છે. તેમના માર્ગદર્શન અનુસાર ઈનચાર્જ મેડીકલ ઓફિસર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ, ફાર્માસીસ્ટ તથા ડીસ્પેન્સરી સર્વન્ટ દ્વારા યલો ફીવર રસીકરણ અંગેની કામગીરી કરવામાં આવે છે.

**૨) પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો :-**

| | |
|---|---|
| ૧. આરોગ્ય અધિકારી(અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન) | યલોફીવર રસી લેનાર વ્યક્તિને સરળતાથી મળી રહે તે મૂજબ આદેશ કરવા |
| ૨.સુપ્રિટેન્ડન્ટ ઓફ વેક્સીનેશન એન્ડ રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ્સ | યલોફીવર રસી લેનાર વ્યક્તિને સરળતાથી મળી રહે તે મૂજબ આદેશ કરવા |
| ૩. ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર | મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ, ફાર્માસીસ્ટ તથા ડી.સર્વન્ટ વગેરે કર્મચારીઓને નિયત કામગીરી સોંપવી તથા તેઓ પોતાની ફરજો યોગ્ય રીતે બજાવે તે પ્રમાણે સુપરવીઝન કરવું. |
| ૪. મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ | યલોફીવર વેક્સીનનાં પૈસા રસી લેનાર વ્યક્તિ પાસે વસુલ કરી પહોંચ બનાવવાની, પહોંચ મુજબનાં પૈસા તીજોરીમાં જમા કરાવવાં, એકાઉન્ટ રજીસ્ટર મેન્ટેઈન કરવું, વેક્સીનનું રજીસ્ટર મેઈન્ટેન કરવું, વેક્સીન બનાવવું તથા આપવું. |
| ૫. ફાર્માસીસ્ટ | પાસપોર્ટ મુજબ યલોફીવર રસીનું સર્ટીફીકેટ બનાવવું. |
| ૬. ડીસ્પેન્સરી સર્વન્ટ | યલોફીવર લેવા આવનાર વ્યકિતઓની વ્યવસ્થા જાળવવી. |

**૩) નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ :-**

દરેક કર્મચારીએ કરેલ કામગીરીની ચકાસણી કર્યા બાદ યલોફીવર રસીનાં સર્ટીફીકેટ ઉપર સહી સિક્કા કરવામાં આવે છે.

**૪) પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો :-**

W.H.O.( World Health Organisation) નાં રૂલ્સ અને રેગ્યુલેશન પ્રમાણે યલો ફીવર રસીકરણની કામગીરી કરવામાં આવે છે. તથા તુરંત એ અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવે છે.

**૫) નિયમો, વિનિયમો, સૂચનાઓ નિયમ સંગ્રહો અને રેકર્ડ :-**

યલોફીવર સર્ટીફીકેટ આપ્યા અંગેનું રજીસ્ટર તથા પૈસાની પહોંચનું અડધિયુ (કાઉન્ટર ફોઈલ), જેવા રેકર્ડ રાખવામાં આવે છે.

**૬) દસ્તાવેજોનાં વર્ગોનું પત્રક :-**

૧. માનનીય કમિશનરશ્રી દ્વારા વધારેલ ફી અંગેના ઠરાવો
૨. યલોફીવર કાર્ડનું રજીસ્ટર
૩. પહોંચનું અડધિયુ(કાઉન્ટર ફોઇલ)
૪. વેક્સીન સ્ટોક રજીસ્ટર
૫. એકાઉન્ટ રજીસ્ટર

**૭) નીતિ તથા અમલીકરણના સંદર્ભમાં જનતા માટે ગોઠવણીની વિગતો :-**

યલોફીવર રસી જાહેર જનતાને મળી શકે તે માટે તેના નિયમો, સ્થળ, સમય, જરૂરી પુરાવા તથા ફી અંગેનુ બોર્ડ લગાડવામાં આવેલ છે.

**૮) બોર્ડ- કાઉન્સિલો, સમિતિઓ તથા તેની કાર્યનોંધો :-**

સંલગ્ન ખાતા દ્વારા થતી કામગીરીની સમીક્ષા તથા તેમા સુચનો માટે હેલ્થ કમિટી, સ્ટેન્ડીંગ કમિટી, મ્યુ. બોર્ડમાં થતી રજુઆત અંગેની નોંધ મ્યુનિ. સેક્રેટરીયેટ દ્વારા રાખવામાં આવે છે.

**૯) અધિકારીઓ તથા કર્મચારીઓની માહિતી પુસ્તિકા :-**

સુપ્રીટેન્ડન્ટ ઓફ વેક્સીનેશન તથા રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ્સ- ૨૫૩૯૧૮૧૧ એક્સ. ૬૭૧
ઈનચાર્જ મેડીકલ ઓફિસર- ૨૫૩૯૧૮૧૧ એક્સ. ૬૯૮
મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ
ફાર્માસીસ્ટ

**૧૦) અધિકારીઓને અને કર્મચારીઓને મળતા માસિક વળતર :-**

| **અધિકારી/કર્મચારી** | **પગારની ગ્રેડ** |
|---|---|
| સુપ્રિટેન્ડન્ટ ઓફ વેક્સીનેશન તથા રજીસ્ટ્રાર બર્થ એન્ડ ડેથ્સ | ૧૫૬૦૦-૩૯૧૦૦ |
| ઈનચાર્જ મેડીકલ ઓફિસર | ૯૩૦૦-૩૪૮૦૦ |
| ફાર્માસીસ્ટ | ૯૩૦૦-૩૪૮૦૦ |
| મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ | ૫૨૦૦-૨૦૨૦૦ |

**૧૧) અંદાજપત્ર યોજનાઓ અને ખર્ચ :-**

NIL

**૧૨) આર્થિક સહાય કાર્યક્રમોના અમલ બજવણીની રીત :-**

NOT APPLICABLE

**૧૩) છૂટછાટો અને રાહતોઃ-**

રસીકરણ ફી માં કોઈપણ પ્રકારની છૂટછાટ કે રાહત આપવામાં આવતી નથી.

**૧૪) ઇલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ માહિતીની વિગતો :-**

યલોફીવર અંગેની કોઇપણ માહિતી ઇલેક્ટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ નથી.

**૧૫) ગ્રંથાલય- વાંચનાલય અંગેની માહિતી :-**

NOT APPLICABLE

**૧૬) જાહેર માહિતી અધિકારી :-**

- અપીલ અધિકારી : ડો. એસ. પી. કુલકર્ણી - આરોગ્ય અધિકારી (એમ.ઓ.એચ.)
- માહીતી અધિકારી : ડો. એ. એન. ચૌધરી- ઇન્ચાર્જ મેડિકલ ઓફિસર

**૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :-**

આફ્રિકન દેશોમાં મચ્છર( Aedes Aegypti Mosqueto) કરડવાથી થતો રોગ જેને યલો ફીવર ડીઝીઝ તરીકે ઓળખવામાં આવે છે. આફ્રીકન દેશોમાં પ્રવાસ કરનાર વ્યક્તિને આ રોગ ના થાય તે માટે આ રસી આપવામાં આવે છે.

**સ્થળ:-** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સરદાર પટેલ ભવન,
મ્યુનિસિપલ કમ્પાઉન્ડ દવાખાનું,
યલોફીવર વેક્સીનેશન સેન્ટર(ગ્રાઉન્ડ ફલોર)
દાણાપીઠ,અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. ૨૫૩૯૧૮૧૧(એક્સ. ૬૯૮, ૬૭૧)

**સમય:-** દર મંગળવાર અને ગુરૂવાર, બપોરના ૨:૩૦ થી ૫:૦૦
(જો ગુરૂવારે જાહેર રજા આવતી હોય તો બીજા દિવસે રસી આપવામાં આવશે.)

- રસી લેનાર વ્યક્તિએ “અસલ પાસપોર્ટ” (ORIGINAL PASSPORT) રજુ કરવાનો રહેશે.
- યલો ફીવર વેક્સીનેશનની ફી માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીનાં ઠરાવ નં. ૧૦ તા.૨૭-૭-૨૦૦૬ મુજબ તા.૩૧-૭-૨૦૦૬થી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) રોકડા આપવાનાં રહેશે.
- આ રસી ફક્ત “આફ્રીકન દેશો” પૂરતી જ જરૂરી છે. સાઉદી અરેબિયાના હજયાત્રીઓ માટે યલો ફીવર રસીની જરૂર નથી.
- યલો ફીવર રસી લીધા તારીખ થી દસ દિવસ પછીની તારીખથી દસ વર્ષ સુધી માન્ય રહેશે.
- યલો ફીવર વેક્સીનેશનનું કાર્ડ ગુમ થયેલ હોય તેવા કિસ્સામાં જે કેન્દ્રમાંથી રસી મેળવેલ હોય ત્યાંજ રજૂઆત કરવાની રહેશે. આ કેન્દ્રમાંથી રસી લીધેલ ન હોય તેમને ડુપ્લીકેટ રસી કાર્ડ આપવામાં આવશે નહિં.
- આફ્રિકા જતા પહેલા ૧૦ દિવસ પહેલા આ રસી લેવી જરૂરી છે.
- ૭ માસથી નાના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓને આ રસી આપી શકાય નહિં.

- માત્ર 0.5 m.l. નો સીંગલ ડોઝ, ડીસ્પોઝેબલ નીડલ તથા ડીસ્પોઝેબલ સીરીંઝથી સબક્યુટેનીયશલી અથવા ઈન્ટારમસ્ક્યુલરલી (SC / IM) ડેલટોઇડ રીજીયનમાં એટલેકે શોલ્ડરમાં આપવામાં આવે છે.

- આડ અસર :- વેક્સીન લીધા પછી ૫ થી ૧૦ દિવસની અંદર(માત્ર ૨ થી ૫% વ્યક્તિઓને) સાધારણ તાવ તથા માથાનો દુખાવો થાય છે. જે એસ્પીરીન અથવા મેટાસીનથી મટી શકે છે.
- ગુજરાતમાં W.H.O.(WORLD HEALTH ORGANISATION )દ્વારા માન્ય યલો ફીવર રસી કેન્દ્રો અમદાવાદ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પથીકાશ્રમની સામે (ઇન્ક્વાયરી નંબર- ૨૩૨૨૧૯૩૧, ૨૩૨૨૧૯૩૨,૨૩૨૨૮૪૩૩), પોર્ટ હેલ્થ ઓર્ગેનાઇઝેશન-કંડલા , ઇરવિન હોસ્પિટલ- જામનગર, ઓફિસ ઓફ સિવિલ સર્જન -પોરબંદર.
- આ રસીનું પ્રોડક્શન સેન્ટ્રલ રીસર્ચ ઇન્સ્ટીટયુટ,કસૌલી, હિમાચલ પ્રદેશ, **ભારત** તથા ઇન્સ્ટીટ્યુટ પાસ્ચ્યુર ડી ડકાર, ડકાર, **સેનેગલ** દ્વારા કરવામાં આવે છે.